ઉત્તરાયણનું કાઉન્ટ-ડાઉન : ઉત્તરાયણ પર્વના આગમનના પગલે શહેરમાં પતંગ-દોરીના સ્ટોલ લાગી ગયા છે... આકાશમાં રંગબેરંગી પતંગો ચગાવી મજા માણતા કિશોરોમાં ભારે થનગનાટ જોવા મળે છે... પવન સાનુકૂળ હોવાના એંધાણથી પતંગ રસિયાઓમાં ભારે ઉલ્લાસ વર્તાય છે... અલગ - અલગ પ્રકારની દોરી પીવડાવવા માટે ખાસ કારીગરો પોતાના ચરખા લઈ બજારમાં આવી ગયા છે... અને પોતપોતાની તરકીબો પ્રમાણે ભાવતાલ કરી પતંગ રસિયાઓના શોખ પુરા કરે છે... આજથી પતંગ બજાર ધમધમશે... અને આગામી શનિ-રવિમાં ગાંધીનગરનું ગગન પતંગોથી ઉભરાઈ જશે...

આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થતા અરજદારોના કામ અટવાયા

ગાંધીનગર તા.૯

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં આજે સર્વર ડાઉન થતા અરજદારોને ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી સર્વર ડાઉન થવાના અનેક કીસ્સાઓ ધ્યાને આવ્યા છે. એકબાજુ કચેરીમાં પુરતા મેન પાવરના અભાવે આમ નાગરિકોના કામો અટવાતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે

આર ટી ઓ કચેરીમાં મેન પાવરના અભાવ વચ્ચે ટેકનિકલ ખામી સર્જાતા વહીવટી કામગીરી ઠપ્પ

ટેકનિકલ ખામીના લીધે અરજદારોએ હાલાકી વેઠવી પડે છે. આજે પણ લાઈસન્સ સહીત ડ્રાઈવીંગ ટ્રેક પર ટેસ્ટ લેવા સહીતની કામગીરી અટવાઈ પડી હતી.

નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં અવારનવાર ટેકનિકલ ખામીઓ સર્જાતા અરજદારોના કામો અટવાય છે. હાઈટેક અને પેપરલેસ આર ટી ઓ કચેરીની વાતોના અંતે આમ નાગરિકોને આ પ્રકારની સુવિધા ન મળતા અરજદારો પરેશાન છે. જયારે વારંવાર સર્વર ડાઉન થતા લાઈસન્સ તેમજ ડ્રાઈવીંગ ટેસ્ટીંગ

● અનુસંધાન પાન-૭ પર

નોકરીની લાલચ આપી ઠગાઈ કરનાર સામે પગલાઓ લેવાશે

ગાંધીનગર, તા.૯

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગ્લોબલાઈઝેશનને પરિણામે દેશ વિદેશમાં કામ કરવાની તકો વધી છે. પરિણામે ભારતીયો વિદેશમાં રોજગાર મેળવવા જઈ રહ્યા છે ત્યારે રાજ્યના યુવાનો-નાગરિકો છેતરાય નહીં તે માટે રિક્રુટીંગ એજન્ટની નુકસાનકારક પ્રવૃત્તિ ડામવા રાજ્ય સરકારે કડક વલણ દાખવ્યું છે. રાજ્યમાં ૧૦ કેસો ધ્યાનમાં આવ્યા છે તે પૈકી ૮ કેસોમાં ગુનાઓ નોંધીને કાયદાકીય કાર્યવાહી હાથ ધરાશે. ગાંધીનગર કાતે વિદેશમાં નોકરીની લાલચ આપી ગેરકાયદે કે નહીં નોંધાયેલ રિક્રુટીંગ એજન્ટની નુકસાનકારક પ્રવૃત્તિને ડામવા માટે યોજાયેલ ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં ગૃહમંત્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, વિદેશમાં રોજગારી મેળવવા માટે ભારતીય કામદારોની ભારે માંગ છે. ભારતનું વિદેશ મંત્રાલય, નોંધાયેલ રિક્રુટીંગ એજન્ટો મારફતે વિદેશમાં નોકરી માટે જવાની સવલત આપે છે, તેમ છતાં ગેરકાયદેસર

● અનુસંધાન પાન-૭ પર

જાન્યુઆરી માસના અંત સુધી આકરી ઠંડી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ગુજરાતમાં હજુ આકરી ઠંડી પડી શકે છે. ઠંડા પવનોના કારણે ઠંડી વધુ અનુભવાય. છેક માસના અંત સુધી આકરી ઠંડી પડી શકે.

ભૌગોલિક બાબતો ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં હાલમાં યુરોપના દેશોમાં કાતિલ ઠંડી પડી રહેલ છે. અમેરીકાના ભાગોમાં બરફવર્ષાથી હાહાકાર થઈ જવામાં છે. આથી આ અંગે આગામી દિવસોમાં જોતા હજુ પણ ઉત્તર ગોળાર્ધમાં દેશોમાં અમેરીકા તેમજ યુરોપ વગેરે ભાગોમાં શખ્સ બરફવર્ષા થઈ શકે. ફેબ્રુઆરી-માર્ચમાં પણ બરફવર્ષાના યોગો રહે. જ્યારે દેશના ભાગો તરફ જોતાં એશીયા ખંડમાંથી આવતા ઠંડા પવનોની અસર ભારત પર પણ થઈ શકે. તા. ૧૦, ૧૧ ઠંડા પવનો ફુંકાય. જ્યારે ઉત્તરાયણ ઉપર પણ ઠંડીની અસર જણાય. તા. ૧૫થી ૨૧માં દેશના ઉત્તરીય પર્વતિય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થાય જેના લીધે જમ્મુ-કાશ્મીર, દિલ્હી, પંજાબ, હરીયાણા, રાજસ્થાન, પૂના, મધ્યપ્રદેશ તેમજ બંગાળના કેટલાક ભાગોમાં પણ વાદળવાયુ કે ઠંડકના વરસાદની શક્યતા રહે. ઉત્તર ભારતના ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા રહે. તા. ૨૨-૨૩ ઠંડા પવનો ફુંકાય. ન્યુનત્તમ તાપમાનમાં વધારો થવા છતાં રાત્રીના ભાગમાં બર્ફિલા પવનો હાડ ધ્રુજાવે. ગુજરાતમાં પણ પશ્ચિમી વિક્ષેપની અસર થતાં હવામાન કથળી જાય. આ વખતે ઉત્તરાયણ ઉપર સવારના ભાગમાં આંતરાનો પવન સારો રહે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ઠંડીની અસર રહે. હજુ પણ ધુમ્મસ અને વાદળછાયુ વાતાવરણ ઉત્તર ભારતથી કે ગુજરાત સુધીના ભાગોમાં રહી શકે. આ ઠંડા પવનોની અસરથી જણાય. સુસવાટાભર્યા પવનો, પર્વતિય વૃક્ષો પર પર પણ જણાય. કેટલાક ભાગોમાં ઉભા કૃષિ પાક પર ઠારની અસર પણ જણાય. સામાન્ય રીતે વાદળો વિખરાતાં સુષ્ક ઠંડા પવનો જીરૂ અને ઈસબગુલના રવિપાકો માટે હવામાન સાનુકૂળ જણાય પરંતુ હવામાનમાં વિપર્યાય પણ આવી શકે.

ચાઈનીઝ દોરી પતંગને શહેરમાં 'નો એન્ટ્રી'

વાહન ચેકીંગ માટે કલેક્ટરની સુચના : કરૂણા અભિયાનની બેઠક દરમિયાન અન્ય શહેરમાંથી આવતા જથ્થાને કબજે લેવા માટે પોલીસતંત્રને સુચના અપાઇ

ગાંધીનગર તા.૯

આકાશને રંગીન બનાવતા ઉતરાયણના પર્વ દરમિયાન પતંગ રસિયાઓની મોજ મસ્તી વચ્ચે આકાશમાં વિહરતા નિર્દોષ પક્ષીઓ કાતિલ દોરીથી ઘવાતા હોવાના કિસ્સાઓ સામે આવે છે. જયારે પક્ષીઓને લોહિયાળ ઈજાઓ થતા પક્ષીપ્રેમીઓમાં પણ નારાજગી વ્યાપે છે. ત્યારે ઉતરાયણના પર્વ દરમિયાન ચાઈનીઝ દોરી પતંગનો ઉપયોગ અટકાવવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાઈ છે. આ અન્વયે કરૂણા અભિયાન અંતર્ગત અન્ય શહેરમાંથી નગરમાં આવતા ચાઈનીઝ દોરી પતંગના જથ્થાને કબજે લેવા માટે જરૂરી વાહન ચેકીંગ કરવાની પણ જિલ્લા કલેકટરે પોલીસને સુચના આપી છે.

ઉતરાયણનુ પર્વ નજીકમાં છે. ત્યારે આકાશને રંગીન બનાવતા આ પર્વ દરમિયાન પ્રતિ અને અબોલ પક્ષીઓ સામેનુ જોખમ નિવારવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં પક્ષી પ્રેમીઓને પણ જોડવામાં આવ્યા છે. વનતંત્ર દ્વારા ઘવાયેલા પક્ષીઓને નવી ઉડાન આપવા માટે સ્વયંસેવકોની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. કાતિલ દોરીથી ઘવાયેલા પક્ષીઓને સારવાર પુરી પાડવા માટે આયોજન કરી દેવાયુ છે. ઉતરાયણના પર્વમાં પર્યાવરણ તેમજ અબોલ જીવ માટે હાનિકારક ચાઈનીઝ દોરી પતંગનો ઉપયોગ ન કરવા માટે સુચના આપવામાં આવી છે. ચાઈનીઝ દોરી પતંગના ઉપયોગ તેમજ વેચાણ સામે પ્રતિબંધ ફરમાવાયો છે. ત્યારે હજુ પણ બજારમાં ચાઈનીઝ દોરી પતંગોનુ વેચાણ તેમજ ઉપયોગ થતુ હોવાનુ પ્રકાશમાં આવે છે. આવા સંજોગોમાં ગાંધીનગરના બજારોમાં આવા કિસ્સાઓમાં દોરી પતંગોનો જથ્થો જપ્ત કરવા માટે પણ તંત્ર દ્વારા નગરમાં ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના શોપિંગ બજારમાંથી તંત્ર દ્વારા દોરી પતંગના આવા જથ્થા સહીત દોરી રંગવાના હાનિકારક રાસાયણો પણ કબજે લેવાયા હતા. ઉતરાયણના આ પર્વમાં અબોલ પક્ષીઓને બચાવવા માટે તંત્ર દ્વારા કરૂણા અભિયાન પણ હાથ ધરાયુ છે. આ અભિયાન અન્વયે મળેલી બેઠક દરમિયાન નગરમાં ચાઈનીઝ દોરી પતંગના વેચાણ અને ઉપયોગને અટકાવવા માટે પુરતા પગલા લેવા અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત નગરના બજારમાં આવતા ચાઈનીઝ દોરી પતંગના જથ્થાને કબજે લેવા માટે પણ જિલ્લા પોલીસ તંત્રને સુચના આપવામાં આવી હતી.

સ્મરણાંજલિ

''સ્મરણો ભીંજવે હૈયું.. ને.. મહેકી ઉઠો આપ અમ અંતરમાં...''

MINAXI GROUP

સ્વ. શ્રીમતિ મીનાક્ષીબેન વ્યાસ
સ્વ. તા. ૧૨-૧-૧૯૮૦
- કુ. દેવાંશી નિશિત વ્યાસ
- હરિવંશ નિશિત વ્યાસ
- મીનાક્ષી એન્ટરપ્રાઈઝ

સ્વ. શ્રી જદુરાય વ્યાસ
સ્વ. તા. ૧૦-૧-૧૯૮૦
- નિશિત જદુરાય વ્યાસ
- ઈશાની નિશિત વ્યાસ
- મીનાક્ષી ટ્રેડર્સ, ગાંધીનગર

•મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ, "મીનાક્ષી", ૩૮૧, સેક્ટર-૧૬, ગાંધીનગર. ટે. ૨૩૨૨૧૯૯૯, ૨૩૨૩૩૯૯

બનાસકાંઠા જીલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સોમવારે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઊજવણી કરાઈ હતી. દેશ-વિદેશમાંથી ૫૫ પતંગબાજોએ વિવિધ આકારની રંગબેરંગી ૨૫૦ પતંગો સાથે સમગ્ર માહોલ રંગબેરંગી કરી દીધો હતો. પાલનપુરના પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં સોમવારે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ રાખવામાં આવ્યો હતો. જેમાં બેલ્જીયમ, કોએશિયા, ડેન્માર્ક, ફ્રાન્સ, જર્મની, હંગેરી, ઈન્ડોનેશિયા, ઈઝરાયેલ, ઈટાલી, સ્પેન, કુર્તો જેવા દેશોમાંથી કુલ ૩૭ પતંગબાજો આવ્યા હતા અને મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર, રાજસ્થાન રાજ્યમાંથી ૧૮ પતંગબાજોએ આ પતંગોત્સવમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા. વિવિધ આકારના પતંગો ઉડાવી પતગબાજોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

ગાંધીનગર સિવિલમાં ૭ સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટર્સ આવશે

દર્દીઓને સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર્સ માટે અમદાવાદ સિવિલ નહીં જવું પડે

ગાંધીનગર, તા.૯

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓનો ધસારો વધી જવા પામ્યો છે. સિવિલમાં મેડીકલ કોલેજનો પગલે દર્દીઓને આરોગ્યલક્ષી સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. આધુનિક ટેકનોલોજીથી સજજ સિવિલમાં ડોક્ટર્સ તેમજ પેરામેડીકલ સ્ટાફની ભરતી પણ કરવામાં આવી છે. સિવિલમાં નવા સાધનોની સાથે દર્દીઓને પથારીમાં પણ વધારો કરવામાં આવ્યો છે તેનો સીધો લાભ દર્દીઓને મળી રહ્યો છે. ત્યારે હવે મેડીકલમાં પીજી માટે પાટનગરની મેડીકલ કોલેજ તૈયારીઓ કરી રહ્યું છે. જેને અનુલક્ષીને જીએમઈઆરએસ સોસાયટી દ્વારા વિવિધ કેટેગરીના સુપર સ્પેશ્યાલીસ્ટ તબિબોની ભરતી માટે આરોગ્ય વિભાગમાં દરખાસ્ત કરવામાં આવી છે. આ અંગે આધારભુત સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સોસાયટી દ્વારા કાર્ડીયોલોજીસ્ટ, નેફ્રોલોજીસ્ટ, ન્યુરોમેડીસીન, ઓન્કોમેડીસીન, એટલે કે કેન્સર સ્પેશ્યાલીસ્ટ, ચેપીરોગના સ્પેશ્યાલીસ્ટ, ક્રિટીકલ કેર મેડીસીન સહિતના ૬ વિભાગમાં સ્પેશ્યાલીસ્ટ તેમજ ૭ સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટર્સની ભરતી માટે ખાસ દરખાસ્ત કરાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

આરટીઈ એક્ટનો કડકાઈથી અમલ કરવા સરકારને હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ,તા.૯

હાઈકોર્ટે સરકારને આરટીઈ એક્ટનો અમલ કરવા માટે કડક આદેશ આપ્યો છે. રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ જરૂરિયાતમંદ બાળકોને પ્રવેશ આપવા જણાવ્યુ છે. હાઈકોર્ટના આદેશમાં નવા સત્રથી શરૂ થતી સ્કુલમાં ઈઈ એક્ટ હેઠળ ૨૫% બેઠક પર ગરીબ અને નબળા વર્ગના બાળકોને પ્રવેશ આપવા જણાવાયુ છે. હાઈકોર્ટે આપેલા આદેશનો જે શાળાઓ અમલ નહીં કરે તેની સામે કડક પગલા લેવાશે તેમ કહ્યું છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com